# કલોલ ખાતે કર્મચારી ભવિષ્યનિધિ સંસ્થા દ્વારા સેમિનાર યોજાયો

ભાસ્કર ન્યૂઝ. કલોલ (૨૫/૦૯/૨૦૦૮)




કલોલ ખાતે કર્મચારી ભવિષ્યનિધિ સંસ્થા, ક્ષેત્રિય કાર્યાલય, અમદાવાદના ઉપક્રમે બુધવારના રોજ એક સેમિનાર યોજાઇ ગયો. આ સેમિનારમાં રિજિયોનલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર - ૧, એસ. એસ. નાયર ઉપસ્થિત રહ્યા હતા.

કલોલ ખાતે બુધવારે યોજાયેલ સેમિનારમાં કમિશનર નાયરે ઉપસ્થિત લોકોને કેટલીક બાબતોથી માહિતગાર કર્યાં હતા. તેમણે જણાવ્યું હતું કે બીજી કોઇ જગ્યા કરતાં કલોલમાં સંસ્થાનનું પાલન ઘણું સારું છે તેથી અહીંના કંપની માલિકો સામાજિક રીતે સંવેદનશીલ છે. કરાર કરનારા લોકો કર્મચારીઓ પ્રોવિડન્ટ ફંડમાં નોંધણી કરતાં નથી અને જે મુખ્ય માલિકો કરાર કાયદાનો કડકપણે અમલ કરતાં નથી. આ વસ્તુ અમુક ફરિયાદો અને કાર્યવાહી નોતરે છે. આગળ તેમણે ઉમેર્યું હતું કે નાના કોન્ટ્રાક્ટરો પણ મજૂર કાયદાઓને વિજવા પ્રયત્ન કરે છે. તેમણે દરેક સક્ષમ કર્મચારી સુધી પ્રોવિડન્ટ ફંડનો લાભ પહોંચી શકે તે માટે સહકાર આપવા કર્મચારીઓને વિનંતી કરી હતી. વધુમાં તેમણે કર્મચારીઓને આગળ આવવા તથા પ્રોવિડન્ટ ફંડમાં તેમની નોંધણી કરાવવા માટે પણ હાકલ કરી હતી.

નાયરે વધુમાં જણાવતાં કહ્યું હતું કે તેમણે ઓફિસની કામગીરીમાં સુધારો કર્યો છે જેથી ૯૬ ટકા કરતાં પણ વધારે માગણીઓ મળ્યાના ૩૦ દિવસની અંદર સંતોષી દેવામાં આવી છે. હિસાબી નોંધો બનાવીને તેને ભૂલ્યા વગર સંસ્થાન ખાતે મોકલવું તેવું પણ તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત આ સેમિનારમાં કલોલ વિસ્તારના કેટલાક સંસ્થાનોના હિસાબી વર્ષ ૨૦૦૭-૦૮ના હિસાબી પત્રકોનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.